મહત્તમ : ૨૯.૮ ડીગ્રી
લઘુતમ : ૧૫.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૬૨ ટકા
ગાંધીનગર તાપમાન

સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલના ૪૯મા સ્પોર્ટસ ડેની દબદબાભેર ઉજવણી

ગાંધીનગર, તા.૮
ગાંધીનગરની પ્રથમ પ્રાઈવેટ સ્કૂલ સેન્ટ ઝેવિયર્સ ખાતે સળંગ ૪૯મા વર્ષે સ્પોર્ટસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ રમતોત્સવમાં વૈવિધ્યસભર ૩૨ રમતો રમાડાય છે. આ વખતે સ્પોર્ટસ ડેના મુખ્ય મહેમાન તરીકે એડીશનલ ડીજીપી ઈન્ટેલીજન્સ આર.બી. બ્રહ્મભટ્ટની શાળાના પ્રિન્સીપાલ ફાધર દૂરાઈએ સેન્ટ ઝેવિયર્સનો ધ્વજ લહેરાવી, મશાલ પ્રગટાવી રમતોત્સવ ખૂલ્લો મુક્યો હતો.

રેડ, બ્લ્યૂ, યલો અને ગ્રીન ગ્રુપમાં વહેંચાયેલા વિદ્યાર્થીઓ દ્વારા બેન્ડના તાલે માર્ચ પાસ્ટ યોજવામાં આવી હતી. જેનું નિરીક્ષણ પોલીસ વિભાગના ડીજીપી આર.બી. બ્રહ્મભટ્ટ દ્વારા કરી યલો ગ્રુપને વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું. આ ગ્રુપના શિક્ષકો નરેશ જાની, શૈલા જોષી, ગાયત્રી થોરાત, અનિતા ખન્ના, સુનીલ વાણીયા, ખુશ્બુ દરજીને વિજેતા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

સેન્ટ ઝેવિયર્સના વખણાતા સ્પોર્ટસ ડેનું આયોજન ફાધર દૂરાઈ સાથે કરિણ મેકવાન, જીજ્ઞેસ ઝાલા, જતીન ભાવસાર, રામકૃષ્ણ પંડીત દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું. આ સ્પોર્ટસસ ડેમાં રનીંગની વિવિધ સ્પર્ધા સાથે ગોળા ફેંક, ઝીગઝેગ રેસ, હાય જંપ, સ્લો સાયકલીંગ જેવી રમતો પણ રાખવામાં આવી હતી. સ્પોર્ટસ ડેનું વાયબ્રેટ એનાઉન્સીંગ અનિતા ખન્ના અને બ્રીસ્મી એબે દ્વારા કરવામાં આવ્યું હતું.

વિજેતા ખેલાડીઓને મેડલ અને ટ્રોફી આવેલા મહેમાન સિસ્ટર જેનીફર, પ્રિન્સીપાલ માઉન્ટ કાર્મેલ, ફાધર નોએલ, બ્રધર પ્રવીણ, સીસ્ટર આઈરીન, સીસ્ટર ઈન્દુમતી વગેરે દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્પોર્ટસ પ્રોફેસર આર.આય. પંડયા અને સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના છેલ્લે યોજાયેલી ટગ ઓફ વોર આકર્ષણનું કેન્દ્ર બની હતી. આતશબાજી સાથે ખુલ્લો મુકાયેલો સ્પોર્ટસ ડે રાષ્ટ્રીય ગીત સાથે સંપન્ન થયો હતો. ઓવરઓલ બ્લ્યૂ ગ્રુપને વિજેતા ટ્રોફી એનાયત થઈ હતી. આ સ્પોર્ટસ ડેની આભારવિધિ એન્જેલીના ફ્રાન્સીસ દ્વારા કરવામાં આવી હતી.

શહેરની જાણીતી સંસ્થા વી કેર ફાઉન્ડેશન દ્વારા કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે તાજેતરમાં યુવા સશકિતકરણ કાર્યક્રમ અંતર્ગત મોટીવેટર તથા યોગ શિક્ષક જે.સી.પટેલના વક્તવ્ય યોજાયું હતું. જેમાં વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી.

વાયબ્રન્ટને પગલે શહેરમાંથી લારી-ગલ્લા અને ઝુંપડાના દબાણ દુર થશે

ગાંધીનગર, તા.૮
ગાંધીનગર શહેરમાં હાલ વાયબ્રન્ટને લઈ કામગીરી પુરજોશમાં શરુ કરી દેવામાં આવી છે. તમામ વહીવટી તંત્ર વાયબ્રન્ટને લઈને કામે લાગી ગયું છે. શહેરને સ્વચ્છ અને ચોખ્ખુ ચણક બનાવવા માટે તંત્રના અધિકારીઓ રાત દિવસ એક કરી રહ્યા છે. હાલના સમયે દબાણ અને સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ત્યારે શહેરી વિસ્તારની બહાર પણ માર્ગોની આસપાસ ઝાડી-ઝાખરા દુર કરવાની કામગીરી ચાલી રહી છે. જયારે માર્ગની આસપાસ જેસીબી મશીન થી સફાઈ કાર્ય હાથ ધરાયું છે.

શહેરમાં આગામી માસમાં વાયબ્રન્ટ હોવાથી અત્યારથી તંત્ર કામે લાગી ગયું છે. શહેરના મુખ્ય માર્ગો અને આસપાસના વિસ્તારમાં આવેલા લારી ગલ્લા તેમજ ઝુંપડાના દબાણો દુર કરવામાં આવ્યા છે. જયારે દબાણકારોને પણ તંત્ર દ્વારા એક માસ સુધી દબાણ નહીં કરવા મૌખિક સુચના આપી દીધી છે. શહેરના ખ માર્ગ તેમજ ઘ-૦ થી સરગાસણ ચાર રસ્તાની આસપાસના વિસ્તારમાં પણ સફાઈ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. મુખ્ય માર્ગની બાજુમાં બિન ઉપયોગી વનસ્પિત અને ઝાંડી ઝાંખરા દુર કરવાની કામગીરી ચાલી રહી છે. જયારે લારી-ગલ્લા તેમજ ઝુંપડા ધારકોના દબાણો દુર કરી દેવામાં આવ્યા છે. જયારે વાયબ્રન્ટને પગલે શહેરમાં એકમાસ સુધી કયાંય દબાણકારો દેખાશે નહી, જયારે શહેર પણ સ્વચ્છ અને સુંદર બની રહેશે. શહેરના નાના વેપારીઓ તેમજ મહાત્મા મંદિરની આસપાસના સેકટરોના દબાણકારોને પહેલેથી જ ખબર છે કે વાયબ્રન્ટને પગલે તેમના પર તંત્રનો કોરડો વિઝાશે. પરંતુ તેઓ પણ જાણે તંત્રની ટેવાઈ ગયા હોય તેમ લાગી રહ્યું છે. અત્યારથી વાયબ્રન્ટ પુરું ના થાય ત્યાં સુધી એક માસ જેટલો સમય વેપાર ધંધો બંધ રાખ્યા બાદ ફરીથી વેપાર ધંધામાં કાર્યરત થઈ જશે. જેથી ગાંધીનગર શહેરમાં વાયબ્રન્ટને પગલે નાના વેપારીઓ તેમજ ઝુંપડા ધારકો હેરાન પરેશાન થઈ જાય છે.

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ દ્વારા નિઃશુલ્ક યોગ નેચરોપથી મહિલા શિબિર

ગાંધીનગર, તા.૮
નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગર અને સતકર્મ ટ્રસ્ટ ગાંધીનગરના સહયોગથી બહેનો માટેની નિઃશુલ્ક યોગ નેચરોપથી શિબિર તા. ૧૦મી ડીસેમ્બર સોમવારથી તા. ૧૪મી ડીસેમ્બર શુકવાર સુધી સાંજે ૪.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન સતકર્મ ટ્રસ્ટ કેમ્પસ, રંગમંચ પાસે, પંચદેવ મંદિર નજીક સેકટર-૨૨માં યોજાશે તો નગરની અને સંસ્થાની સર્વે બહેનોને આ શિબિરનો લાભ લેવા અનુરોધ કરાયો છે.

ટીવીનો અવાજ વધુ રાખવા જેવી નજીવી બાબતે સે-૨૪માં ધીંગાણું

સામ સામે પોલીસ ફરિયાદ : મકાન પચાવી પાડવા બહાનું કાઢી બબાલ કરી હોવાનો આક્ષેપ

ગાંધીનગર, તા. ૮
શહેરના સે-૨૪માં ઈન્દિરાનગર છાપરા ખાતે ટીવીના અવાજ વધુ રાખવા જેવી નજીવી બાબતે બે કુટુંબ વચ્ચે ધિંગાણુ સર્જાયુ હતુ. જે સંદર્ભે સે-૨૧ પોલીસ મથકમાં સામસામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે.

સે-૨૪માં રહેતા લાલીબેન વિનોદભાઈ પટણીએ રાજેશભાઈ મંગળદાસ પટણી સહિત ૯ વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાવી છે. તેમનો આક્ષેપ છે કે બીજી ડિસેમ્બરે સવારે તેમની પુત્રી ટીવી જોતી હતી ત્યારે પાડોશીઓએ આવીને ઝઘડો કર્યો હતો. ત્યાર બાદ સાંજે તેઓ પતિ અને બે બાળકો સાથે લારી લઈને ૨૩-૨૪ની ચોકડીએ ઉભા હતા ત્યારે સાંજના સમયે તે શખ્સોએ આવીને ઝઘડો કરી મારામારી કરી હતી. જેમાં લાલીબેનને ઈજાઓ થતા સારવાર માટે ખસેડાયા હતા. ૫ ડિસેમ્બરના રોજ હોસ્પિટલમાંથી રજા મળતા તેણીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. લાલીબેનનો આક્ષેપ છે કે પાડોશીઓ તેમનું મકાન પચાવી પાડવા માંગે છે એટલે છેલ્લા ત્રણ વર્ષથી તેમને હેરાન કરે છે. તો બીજી તરફ રાજેશભાઈ મંગળદાસ પટણીએ લાલીબેન વિનોદભાઈ પટણી સહિત ૬ વ્યક્તિઓના નામજોગ તથા ૨૦થી ૨૫ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદ મુજબ તેમના નાના ભાઈના ત્યાં લગ્નનો પ્રસંગ હતો. તો બીજી તરફ સામેના મકાનમાં મરણ પ્રસંગ થયો હતો. લાલીબેનના ઘરે મોટા અવાજથી ગીતો વાગતા હોવાથી અમે સમજાવવા ગયા હતા. ત્યારે તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ઝપાઝપી કરી હતી. ત્યાર બાદ રાત્રે ૮ વાગ્યે બજારમાં ગયા ત્યારે લાલીબેનના ભાઈ સહિતના ટોળાએ તેમના પર હુમલો કરી દીધો હતો. જેમનાથી બચીને તેઓ પોલીસ સ્ટેશન જવા નીકળ્યા ત્યારે ૨૦થી ૨૫ જેટલા અજાણ્યા ટોળાએ તેમના પરિવારના અન્ય સભ્યો પર હુમલો કરી દીધો હતો. તમામની સારવાર અને લગ્નપ્રસંગ પુરો કર્યા બાદ ફરિયાદ નોંધાવી હતી. સે-૨૧ પોલીસે સામસામે ફરિયાદ લઈને તટસ્થ તપાસ શરૂ કરી છે.

સિવિલમાં દર્દીઓ માટે ધાબળાની અછત

ધાબળા વોશીંગ માટે જાય તો પણ ચાર થી પાંચ દિવસે પરત આવે છે

ગાંધીનગર, તા.૮
ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ધાબળાની અછત સર્જાઈ હોય તેમ લાગી રહ્યું છે. સિવિલમાંથી ધાબળા ગાયબ થઈ જવાના કિસ્સા અગાઉ બન્યા છે. જેથી સિવિલમાં હાલ દર્દી કે તેના સગા માંગે ત્યારે જ ધાબળા વોર્ડ ઈન્ચાર્જ દ્વારા આપવામાં આવે છે. કારણ કે દર્દીઓ કરતા ધાબળાની સંખ્યા ઓછી છે. જેથી દર્દી ધાબળો માંગે ત્યારે વોર્ડ ઈન્ચાર્જ દ્વારા જ ધાબળો આપવામાં આવે છે.

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા સંચાલિત ગાંધીનગર સિવિલમાં રોજના હજજારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. મેડીકલ કોલેજ બનતા દર્દીઓની આરોગ્યલક્ષી સારવારમાં વધારો થવા પામ્યો છે. પાંચ માળની ઓપીડી તેમજ આઠ માળની ઈન્ડોર બિલ્ડીંગ દર્દીઓથી ભરાયેલી જોવા મળે છે. સિવિલમાં સમસ્યાઓ રોજ નવી ઉભી થાય છે. એક સાંધો ત્યાં તેર તુટે તેવો ઘાટ સર્જાય છે. દર્દીઓને સામાન્ય દિવસોમાં તો કોઈ તકલીફ રહેતી નથી, પરંતુ શિયાળાના સમયે કેટલાક દર્દીઓને ઠંડીનો સામનો કરવો પડે છે કારણ કે સિવિલના વોર્ડમાં જેટલા દર્દીઓ હોય છે તેના પ્રમાણમાં ધાબળાની સંખ્યા નથી. દર્દીઓને ધાબળા જોઈએ તો વોર્ડ ઈન્ચાર્જ પાસેથી માંગવા પડે છે. અગાઉ સિવિલમાં ધાબળા ચોરી થવાના કે ગુમ થવાના કિસ્સા બનવા પામ્યા છે. જેથી વોર્ડમાં રહેલા ધાબળા વોશીંગ માટે જાય તો પણ ચાર થી પાંચ દિવસે પરત આવે છે. જેથી સિવિલ ના વોર્ડમાં દર્દીઓને જરૂરીયાત મુજબ ધાબળા આપવામાં આવે છે. જેને પગલે કેટલીકવાર દર્દીઓને ધાબળા ન મળતા ઠંડીનો સામનો પણ કરવો પડે છે. જયારે ધાબળાને લઈ દર્દીના સગા અને સ્ટાફ વચ્ચે પણ ચકમક ઝરતી હોય છે. ત્યારે સિવિલમાં ધાબળાની અછત આરોગ્ય વિભાગ દ્વારા દુર કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

નવ વર્ષથી નાસતો ફરતો બુટલેગર આખરે ઝડપાયો

ગાંધીનગર, તા. ૮
પ્રોહીબિશનના ગુનાના છેલ્લા ૯ વર્ષથી નાસતા-ફરતા બુટલેગરને ડભોડા પોલીસે આખરે ઝડપી લીધો છે. જિલ્લામાં વિવિધ ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી લેવા માટે ગાંધીનગર એસપી મયૂર ચાવડાના આદેશને લઈને ડભોડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એચ. જી. દેસાઈની ટીમે આવા નાસતા ફરતા આરોપીને ઝડપી લેવા બાતમીદારો સક્રિય કર્યા છે. જે અનુસંધાને પોલીસ કોન્સ્ટેબલ વિપુલકુમારને મળેલી બાતમીના આધારે ડભોડા પોલીસે પ્રોહીબિશનના ગુનામાં વર્ષોથી નાસતા ફરતા એક બુટલેગરની ધરપકડ કરી છે. ફૈજમહંમદ ઉર્ફે ફૈજુ મહેદીમોહમદ શેખ સામે વર્ષ-૨૦૧૦માં ડભોડા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશનનો ગુનો નોંધાયો હતો. મુળ રખીયાલના અમનચોકનો રહેવાસી આ આરોપી સરખેજ રોડ પર આવેલા ૧૦ મુસ્લીમ પાર્કમાં તેના ઘરે સંતાયો હતો. આ માહિતી આધારે ડભોડા પોલીસની ટીમે આરોપી સુઈ રહ્યો હતો તે જ સમયે વહેલી સવારે જ તેના ઘરે જઈ દબોચી લીધો હતો. નવ વર્ષથી નાસતા ફરતા આ આરોપીની ધરપકડ કરીને ડભોડા પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સંયુકત માહિતી નિયામક પ્રજ્ઞાબહેન પટેલના નિવૃત્તિ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા

'પર્વ પરસ્પર પ્રેમનું' શિર્ષક અંતર્ગત ગાંધીનગર અને અમદાવાદ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પ્રજ્ઞાબહેનનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૮
ગુજરાત સરકારના માહિતી ખાતામાં ૩૪ વર્ષ જેટલી સુદીર્ઘ ફરજના અંતે સંયુકત માહિતી નિયામક પદેથી પ્રજ્ઞાબહેન પટેલ વયનિવૃત્ત થતાં સ્વજનો, સાહિત્યકારો, સગા-સંબંધીઓ વગેરે પ્રતિ ઋણ સ્વીકારની ભાવનાથી ગાંધીનગર અને અમદાવાદ એમ બે સ્થળે યાદગાર સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. 'પર્વ પરસ્પર પ્રેમનું-આપણું મળવું એ જ મેળો' શિર્ષક અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમોમાં ગીત-સંગીતની સુરાવલીઓ વચ્ચે ઉપસ્થિત મહાનુભાવો તથા મહેમાનો દ્વારા પ્રજ્ઞાબહેનનું પુષ્પગુચ્છ, શાલ તથા સ્મૃતિ ભેટ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરમાં સેકટર-૨ ઉમાં બ્રહ્માણી કૃપા હોલ ખાતે યોજાયેલા કાર્યક્રમનું સંચાલન શહેરના જાણીતા નાટયકાર પ્રકાશ લાલાએ સંભાળ્યું હતું જયારે ભગીરથભાઈ પટેલ અને અરવિંદભાઈ પટેલે સ્વાગત પ્રવચન આપ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ પ્રત્યે પ્રજ્ઞાબેને ઋણ સ્વીકારની લાગણી વ્યકત કરી હતી. કાર્યક્રમમાં જાણીતા સાહિત્ય સર્જકો, વિવિધ સંસ્થાના અગ્રણીઓ, પરિવારજનો તથા મિત્રો સ્નેહીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તમામે પ્રજ્ઞાબહેનને શાલ-સ્મૃતિ ભેટ તથા પુષ્પગુચ્છ અર્પણ કરી શુભેચ્છા પાઠવી હતી. નિવૃત્ત પ્રસંગનો આ એક નવતર સાંસ્કૃતિક કાર્યક્રમ હતો જેમાં કોઈ જ મુખ્ય મહેમાન, અતિથિવિશેષ વગેરે નહોતા પણ માત્ર મહેમાનોની ઉપસ્થિતિમાં જાણીતા કલાકારો ભીખુદાન ગઢવી, સુરેશ પારધી, સુરેશ રત્નોત્તરે ગીતોની જમાવટ કરી હતી જયારે ધર્મેન્દ્ર તપોધને તબલાની સંગત કરી હતી.

અમદાવાદમાં ગજજર હોલમાં યોજાયેલા કાર્યક્રમમાં પ્રતિમાબહેન જોશી, નિહારિકા આચાર્ય ગુજરાતી ફિલ્મો, તખ્તા, ટીવી સિરીયલના માધ્યમથી જાણીતા કલાકાર ભાવિની જાની, ભારતીબહેન વગેરેએ સુગમસંગીતના ભાવવાહી ગીતોનો રસથાળ પીરસ્યો હતો. ભાવિની જાનીએ પોતાના અભિનયથી યાદગાર પ્રસંગો અને કૃષ્ણ દવેએ કાવ્યપઠનથી ઉપસ્થિતોને પ્રસન્ન કર્યા હતા. જાણીતા પત્રકાર રમેશ તન્નાએ તેમનો પ્રતિભાવ વ્યકત કર્યો હતો. 'પરસ્પર પ્રેમનું જ પર્વ' કાર્યક્રમમાં પરિવારજનોએ પ્રજ્ઞાબહેનને સન્માનપત્રથી સન્માન્યા હતા.

ગાંધીનગરની વધુ એક બેંક સાથે કરોડોની છેતરપિંડી

ભાગીદારી પેઢીએ સે-૧૭ સ્થિત યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયામાંથી રૂ.૧૦.૫૫ કરોડની છેતરપિંડી આચરી : ચાર સામે પોલીસ ફરિયાદ : બેંકની જાણ બહાર બેંકમાં જણાવેલી પ્રાઈમ સિક્યુરિટી પણ વેચી મારી

ગાંધીનગર, તા. ૮
ઠેર-ઠેર બેંક સાથે કરોડોની છેતરપિંડી કરવાના અનેક કિસ્સાઓ બહાર આવી રહ્યા છે ત્યારે ગાંધીનગરની વધુ એક બેંક સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી થઈ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. શહેરના સેક્ટર-૧૭ ખાતે આવેલી યુનિયન બેંક ઓફ ઈન્ડિયામાં અમદાવાદની ઓમ પ્રકાશ ગણપતલાલ મેસર્સ એન્ડ કંપની ભાગીદારી પેઢીના નામે ખાતું ખોલાવી આ ભાગીદારી પેઢીના ભાગીદારોએ મળીને બેંક સાથે કરોડોની છેતરપિંડી કરી લીધી હોવાની ફરિયાદ સેક્ટર-૨૧ પોલીસ મથકમાં નોંધાવા પામી છે. વર્ષ-૨૦૧૧ માં બેંકમાં ખાતું ખુલ્યા બાદ સાડા સાત કરોડ રૂપિયાની કેશ ક્રેડીટ ફેસીલીટી લોન મેળવી નિયત સમયમર્યાદામાં લોન કે લોનનું વ્યાજ બેંકમાં પરત જમા ન કરાવીને ભાગીદારોએ બેંક સાથે ફુલેકું ફેરવી નાંખ્યુ છે. એટલું જ નહી આ આરોપીઓએ યુનિયન ટ્રેડ સ્કીમ હેઠળ લીધેલી લોનમાં જે પ્રાઈમ સિક્યુરિટી પેટે મુકેલી ખાદ્ય તેલના ટીન તથા ટેન્કમાં ભરેલા લુસ ઑઈલનો જથ્થો પણ ગોડાઉનમાંથી બારોબાર વેચી માર્યો હોવાનું બહાર આવ્યું છે. પોલીસે યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયાના ચીફ મેનેજરની ફરિયાદના આધારે ભાગીદાર પેઢીના ભાગીદારો તથા બેંક ગેરંટર અને વહીવટદાર સહિત ચાર શખ્સો સામે વ્યાજ સહિત કુલ રૂ.૧૦,૫૫,૫૮,૯૦૭ની છેતરપિંડી, વિશ્વાસઘાત અને ઉચાપતનો ગુનો દાખલ કરી ઉંડી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેક્ટર-૧૭ ખાતે આવેલી યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયાની શાખામાં વર્ષ-૨૦૧૧ માં અમદાવાદના માધુપુરા ફુલપુરા વિસ્તારમાં સ્થિત ખાદ્યતેલના પેકિંગ અને રીફીલીંગનો ધંધો કરતી પેઢી ઓમ પ્રકાશ ગણપતલાલ મેસર્સ એન્ડ કંપનીનું બેંક એકાઉન્ટ ખોલવામાં આવ્યું હતું. આ પેઢીના ભાગીદાર વાસુદેવ ઓમપ્રકાશ મલ્હોત્રા (રહે. સી-૧૦૫, શાલીન ઓટિયમ ફ્લેટ્સ, સેટેલાઈટ, અમદાવાદ), ભાગીદાર દિપક રાજુ મિશ્રા (રહે. ફુલપુરા, માધુપુરા, અમદાવાદ), ગેરંટર ઓમ પ્રકાશ જી. મલ્હોત્રા (રહે.૧૬, અશ્વરાજ બંગ્લોઝ, પ્રહલાદ નગર ગાર્ડન સામે, અમદાવાદ), પેઢીના વહીવટદાર દિનેશ ઓમપ્રકાશ મલ્હોત્રા (રહે.૧૬, અશ્વરાજ બંગ્લોઝ, પ્રહલાદ નગર ગાર્ડન સામે, અમદાવાદ) આ ચારેય શખ્સો દ્વારા પેઢી મારફતે યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયામાં ખાતું ખોલાવવામાં આવ્યું હતું અને યુનિયન ટ્રેડ સ્કીમ હેઠળ આ બેંકની ગાંધીનગર સેક્ટર-૧૭ની શાખામાંથી વર્ષ-૨૦૧૧માં પાંચ કરોડ રૂપિયાની કેસ ક્રેડિટ ફેસીલીટી લોન મેળવવામાં આવી હતી. તે વખતે આ પેઢી દ્વારા લોનની પ્રાઈમ સિક્યુરિટી તૈયાર ખાદ્ય તેલનાં ટીન તથા ટેન્કમાં ભરેલા ઓઈલના જથ્થાનુ ગોડાઉન સિક્યુરીટી પેટે મૂક્યું હતું. તે ઉપરાંત છત્રાલ જીઆઈડીસી ખાતે આવેલી ૭૫૬૦ ચોરસ ફુટની એક ઈન્ડસ્ટ્રીયલ ફેક્ટરી અને અમદાવાદના માધુપુરા વિસ્તારમાં આવેલી ઓફિસ અને ગોડાઉન બેંકમાં સિક્યુરીટી પેટે મોર્ગેજ મૂકવામાં આવ્યા હતા. સમયસર બેંક સાથે વ્યવસ્થિત ટ્રાન્જેક્શન કર્યા બાદ બેંકને વિશ્વાસમાં લઈ આ આરોપીઓએ વર્ષ ૨૦૧૩માં કેશ ક્રેડિટ લિમિટ પાંચ કરોડ થી વધારીને સાડા સાત કરોડની કરવા માંગણી કરી હતી. બેંકે આ માંગણી સ્વીકારી ને સાડા સાત કરોડની કેશ ક્રેડિટ લિમિટ કરી દીધી હતી અને તેની સિક્યુરિટી પેટે એક ફ્લેટ મોર્ગેજ કરવામાં આવ્યો હતો. સાડા સાત કરોડની કેશ ક્રેડિટ લિમીટ થઈ ગયા બાદ આ ભાગીદારોએ રંગ બદલી નાખ્યો હતો અને બેંક સાથે ધીરે ધીરે સંપર્ક તોડી નાખ્યો હતો. બેંક દ્વારા આ લોન અને તેના વ્યાજ ચૂકવવા માટે અનેક નોટિસ પાઠવવામાં આવી અને રૂબરૂ મુલાકાતો પણ કરવામાં આવી પરંતુ તે સમયે આરોપીઓએ બેંક અધિકારીઓને વાયદા જ આપ્યા હતા. આજ દિન સુધી આ આરોપીઓએ લોન કે તેનું વ્યાજ પરત ચૂકવ્યુ નથી. બેંક અધિકારીઓએ તેમની પ્રાઈમ સિક્યુરિટી અંગે ચકાસણી કરતા બહાર આવ્યું કે આ ભાગીદારોએ મળીને દિવાળી દરમિયાન બેંક ની જાણ બહાર જ પ્રાઈમ સિક્યુરીટી પેટે મુકેલો તૈયાર ખાદ્ય તેલના ટીન તથા ટેન્કમાં ભરેલા લુસ ઓઈલનો જથ્થો પણ બારોબાર ગોડાઉનમાંથી વેચી મારી ગોડાઉન બીજા કોઈને ભાડે આપી દીધુ હોવાનું બહાર આવ્યું હતું. સમગ્ર મામલે બેંકનાં ચીફ મેનેજર આનંદ બબ્બર દ્વારા સેક્ટર-૨૧ પોલીસ મથકમાં ઓમ પ્રકાશ ગણપતલાલ મેસર્સ એન્ડ કંપનીના બે ભાગીદારો, એક વહિવટદાર તથા એક ગેરેંટર સહિત ચાર શખ્સો સામે ફરિયાદ આપવામાં આવતા પોલીસે આરોપીઓ સામે આઈપીસી કલમ ૪૦૬,૪૨૦ અને ૧૨૦-બી મુજબ ગુનો દાખલ કરીને બેંક સાથે કરેલી કુલ રૂ.૧૦.૫૫ કરોડની છેતરપિંડી અનુસંધાને ઉંડી તપાસ હાથ ધરી છે.